# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# TODAY'S RAIN

સમગ્ર રાજ્યમાં આજે સવારથી વરસાદનું જોર વધ્યું છે.. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ડાંગ અને તાપી સહીતના જીલ્લાઓમાં ભારે વરસાદ વરસ્યો છે.. આજે સવારે છ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીમાં 91 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ડાંગ જીલ્લામાં સાડા છ ઇંચ વરસાદ ખાબક્યો છે.. આ ઉપરાંત તાપીના સોનગઢમાં છ, નવસારીના વાંસદામાં સાડા પાંચ ઇંચ વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે..

અમરેલીના જાફરાબાદ બંદરે દરીયા કિનારે પવન સાથે કરંટ જોવા મળ્યો હતો, જેમાં જાફરાબાદ બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવીને માછીમારોને એલર્ટ કરાયા હતા.

દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદ થયો છે. ડોલવણમાં બારેમેઘ ખાંગા થયાની સ્થિતિ છે. અંબિકા નદીમાં ઘોડાપૂર આવતા પદમડુંગરી કોઝ વે ડૂબ્યો છે જેથી પદમડુંગરી ઇકો ટુરિઝમ ફરી બંધ કરાયું છે..વધુ વરસાદને કારણે પાણી ફરી વળતા અંતાપૂર ગામના કિનારે રહેતા ૧૫ જેટલા લોકોને રેસ્ક્યું કરાયા હતા..જ્યારે અંબિકા નદીમાં જળસ્તરમાં વધારો થતા ભયજનક સપાટી બપોર બાદ વટાવે તેવી શક્યતા છે. જેથી તંત્ર દ્વારા નદીકિનારાના વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા અપીલ કરાઇ છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આજે દિવસ દરમિયાન સુરત, નર્મદા અને છોટાઉદેપુરમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાંક જીલ્લાઓમાં ઓરેન્જ તેમજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા સહિતના જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

જ્યારે અમદાવાદ સહિત સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની શક્યતા દર્શાવાઇ છે.

---------------------------------------------

## DAM LEVEL

મેઘરાજાની સાર્વત્રિક મહેરના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૧૩ જળાશયો સંપૂર્ણ જ્યારે ૪૩ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. રાજ્યના ૧૮ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૩ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૭૮ ટકા કરતાં વધુ જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૮૧ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે .

આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧ લાખ ૧૪ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૭૯ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ઉકાઈમાં ૪૮ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૬ હજારની જાવક, વણાકબોરીમાં ૨૧ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૧ હજારની જાવક અને કડાણા જળાશયમાં ૧૮ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૫ હજારની ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે.

આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૩ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૨ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૯ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

-------------------

## Sharavn Somvar Amas

શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર અને અમાસ પ્રસંગે આજે દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. સવારે 10 વાગ્યા સુધીમાં 35 હજાર જેટલા ભાવિકોએ સોમનાથ દાદાના દર્શન કર્યા હતા અને 25 જેટલી ધ્વજા પૂજા સંપન્ન થઈ હતી.

રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પરિવાર સહિત સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા કરી હતી. શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી પી.કે.લહેરીના હસ્તે મહાદેવની પાલખી પૂજા કરી હતી. ત્યારબાદ સોમનાથ તીર્થની પ્રણાલિકા અનુસાર શ્રાવણ માસની છેલ્લી પાલખી યાત્રા કાઢવામાં આવી હતી, જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

સોમનાથ ખાતે પ્રણાલિકા અનુસાર ગઇ કાલે રાત્રે પારંપરિક જ્યોત પૂજન કરવામાં આવ્યું હતું. પૂજનના અંતે શ્રી સોમનાથ મહાદેવને મહાપૂજા માટે સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. માસિક શિવરાત્રીના

અવસરે રાત્રે મંદિરના પૂજારી તેમજ તીર્થ પુરોહિતો દ્વારા મહાદેવની મહાપૂજા કર્યા બાદ મધ્ય રાત્રિએ 12:00 વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી.

અમારા જુનાગઢના પ્રતિનિધી જણાવે છે કે, દામોદર કુંડ ખાતે તર્પણ વિધિ કરવા મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ધાર્મિક કથા મુજબ ભક્ત નરસિંહ મહેતાનાં પિતાનું શ્રાદ્ધ દામોદર કુંડ ખાતે કરવામાં આવ્યું હતું જેને કારણે અહીં  પિતૃ તર્પણ નું વિશેષ મહત્વ રહ્યું છે.

અમારા પંચમહાલના પ્રતિનિધી જણાવે છે કે, ગોધરામાં મેસરી નદીના કિનારે આવેલા ગણપતિ તથા મહાદેવના મંદિર ખાતે વસંતભાઈ શાસ્ત્રી સહિતનાં ભૂદેવો દ્વારા વર્ષોથી પાર્થિવ પૂર્જા થાય છે.

શ્રાવણ માસમાં કાળી ચીકણી માટીમાંથી નાના નાના 4200 શિવલિંગ તૈયાર કરી એક મોટું સ્વરૂપ બનાવવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન સવા લાખ પાર્થેશ્વર પૂજાની પરંપરા હજુ પણ યથાવત છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે, ભાવનગર નજીકના કોળીયાક ખાતે ભાદરવી અમાસના ભાતીગળ લોકમેળામાં હજારો ભાવિકો ઉમટી પડ્યા હતા. દેશભરનાં લાખો શ્રધ્ધાળુઓએ કોળીયાકના નિષ્કલંક મહાદેવજીના દરિયામાં પૂજન અર્ચન કરી અમાસનું પવિત્ર સ્નાન કર્યું હતું. ભાવનગર શહેરના વડવા ચાવડી ગેટ ખાતે ખોડિયાર યુવક મંડળ દ્વારા ભાતીગળ લોકમેળો યોજાશે. આ ઉપરાંત શહેરના આખલોલ, સિહોરના બ્રહ્મકુંડ, નાના અને મોટા ગોપનાથ, સિધ્ધનાથ ત્રિવેણી સહિતના અનેક સ્થળોએ પણ ભાતીગળ લોકમેળાની રંગત જામશે. જયાં ભાવિકો પરિવારજનો સાથે પવિત્ર સ્નાન અને લોકમેળાની મોજ માણવા ઉમટી પડશે.

---------

## GNLU TALIM KARYAKRAM

ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે આજે ભારતીય સશસ્ત્ર દળોના અધિકારીઓ માટે અવકાશ અંગેના કાયદા વિષયમાં પાંચ સપ્તાહના તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું છે.

ડિફેન્સ સ્પેસ એજન્સી અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી વચ્ચેના એમઓયુ હેઠળ આ પ્રથમ તાલીમ કાર્યક્રમ છે. આ કાર્યક્રમનું આયોજન જીએનએલયુના વી.એસ.મણી સેન્ટર ફોર એર એન્ડ સ્પેસ લોના નેજા હેઠળ કરવામાં આવ્યું છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રોફેસર ડોક્ટર એસ. શાંથાકુમારે ઉદઘાટન પ્રવચનમાં કહ્યું કે અવકાશના વધતાં જતાં સશસ્ત્રીકરણના સંદર્ભમાં સશસ્ત્ર દળોના અધિકારીઓ માટે દેશની સ્પેસ એસેટસના રક્ષણ માટે સ્પેસ લો નું જ્ઞાન આવશ્યક છે.

પાંચ સપ્તાહના આ નિવાસી કાર્યક્રમમાં ભારતીય ભૂમિ સેના અને ભારતીય હવાઈ દળના આઠ વરિષ્ઠ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

........................................................................

## JAMNAGAR PASHU SARVAR

તાજેતરમાં ભારે વરસાદને કારણે પશુઓના આરોગ્ય ઉપર વિપરિત અસર પડી છે. જામનગર જિલ્લા પંચાયતની પશુપાલન શાખાની 12 ટીમે ફિલ્ડમાં જઈને પશુઓનું રસીકરણ હાથ ધર્યું છે. પશુપાલન શાખાના કર્મચારીઓ દ્વારા કૃમિનાશક દવાનું વિતરણ હાલમાં કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા પંચાયતના પશુ ડૉક્ટર્સની ટીમો દ્વારા રસીકરણ, પશુ સારવાર તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

-------